# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# સિક્યોરીટી કોન્ટ્રાક્ટ અંગેનું ટેન્ડર ફોર્મ

ગુજરાત રાજ્યના કોન્ટ્રાક્ટ મજૂર (નિયમ અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબુદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૦ ના નિયમ હેઠળ રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી વાર્ષિક સુરક્ષા કામગીરી માટે તા. ૦૧/૦૪/૨૦૧૨ થી તા. ૩૧/૦૩/૨૦૧૩ સુધીનો વાર્ષિક ભાવ કરાર કરવા અંગેના ભાવ પત્રકો મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફોર્મની કિંમત રૂ! ૧૦૦૦/- (પરત ન મળવા પાત્ર)
ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ:
કોન્ટ્રાક્ટનું નામ અને સરનામું:

ફોન નંબર : ઓફીસ:
ઘર:
મોબાઇલ:
ભાવ:

(૧) પ્રત્યેક સિક્યોરીટી ગાર્ડ દીઠ પ્રતિ પાળી (૮ કલાક)ના ભાવ રૂ!. _______________
(૨) મુદ્દા નં. ૧ મુજબ પ્રત્યેક ગાર્ડના ૮ કલાકની પાળી લેખે પ્રતિ માસના ભાવ રૂ!. _______________
(૩) પ્રત્યેક ગનમેન ગાર્ડ દીઠ પ્રતિ પાળી (૮ કલાક)ના ભાવ રૂ!. _______________

* **નોંધ-૧**: ઉપરોક્ત ભાવ લઘુત્તમ વેતન ધારો, પ્રોવીડન્ડ ફંડ ધારો, વર્કર્સ કોમ્પન્સેશન ધારો, ઇ. એસ. આઇ. ધારો તથા તમામ સર્વિસ ચાર્જ અને સર્વિસ ટેક્સ સાથેના તેમજ તમામ વેરા સાથેના ભાવ આપવાના રહેશે. જે ભાવ અંતિમ ગણાશે અન્યથા જે તે ભાવ પત્રક ધ્યાને લેવામાં આવશે નહી.

**નોંધ-૨**: ટેન્ડર ઓપન કરવાની તારીખ: **૨૦/૦૩/૨૦૧૨** ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડીકેટ હોલ મુકામે રાખવામાં આવેલ છે.
ભરેલ ભાવપત્રકને રૂબરૂ, પોસ્ટ અથવા કુરીયથી યુનિવર્સિટી કાર્યાલયના ડીસ્પેચ સેક્શન (રૂમ નં: ૧૦૯) માં પરત કરવાના રહેશે.

**ખાસ નોંધ**: સદર ટેન્ંડર યુનિવર્સિટીની વેબસાઇ **www2.spuvvn.edu/estate/index.html** પરથી ડાઉનલોડ કરી શકાશે પરંતુ વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ ટેન્ડર જમા કરાવતી વખતે જરૂરી ટેન્ડર ફી અને ઇ.એમ.ડી ભરેલ ન હોય તો જે તે ટેન્ડર રદ કરવામાં આવશે.

કુલસચિવ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

# <u>સિક્યોરીટી કોન્ટ્રાક્ટ અંગેની શરતો</u>

૧. સિક્યોરીટી સર્વિસ એજન્સીએ નીચેની વિગતો પુરાવા સહિત યુનિવર્સિટીને અચુક આપવાની રહેશે, જે અસરકારક રીતે લાગુ પડતી હોવી જોઇએ.
અન્યથા જે તે ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી.

(૧) આપની એજન્સીમાં કેટલાં કર્મચારીઓ અને ક્યા પ્રકારના મહેકમથી નિમણુંક કરેલ છે.

(૨) ચુકવવામાં આવતો પગાર અને ભથ્થા

(૩) પ્રોવીડન્ટ ફંડ અને ઇ. એસ. આઇ. નોંધણી બાબતના પુરાવા

(૪) ઇન્કમ ટેક્ષ ક્લિયરન્સ સર્ટિફિકેટ, છેલ્લા ૩ (ત્રણ) વર્ષના રીટર્નની નકલ (પાનકાર્ડ નંબર)

(૫) સિક્યોરીટી એજન્સીનો કોન્ટ્રાક્ટ લેબર રેગ્યુલેશન એન્ડ ઓબોલીશન એક્ટ ૧૯૭૨ અનુસાર માન્ય અધિકારીન લાયસન્સનો પુરાવો.

(૬) રજીસ્ટ્રેશન નંબર (શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ)

(૭) રજીસ્ટ્રેશન નંબર (સર્વિસ ટેક્સ)

(૮) પ્રોફેશનલ ટેક્સ નંબર

(૯) પ્રાઇવેટ સિક્યુરીટી (રેગ્યુલેશન) એક્ટ ૦૫/૦૬ લાયસન્સ નંબર

(૧૦) રૂા. દસ લાખનું બેંક સોલ્વંસી સર્ટિફીકેટ (ફક્ત રાષ્ટ્રીયકૃત બેંકનું સર્ટી માન્ય ગણાશે)

૨. ભાવ ભરનાર પેઢીએ લઘુત્તમ વેતનધારાને ધ્યાને લઇ ભાવ ભરવાના રહેશે. લઘુત્તમ વેતનધારા મુજબ ભાવ નહી ભરનાર પેઢીના ભાવો ધ્યાને લેવામાં આવશે નહી તેની પેઢીએ ખાસ નોંધ લેવી.

૩. મંજુર થયેલ દર મુજબની ચુકવણી પ્રત્યેક માસની ૧૫મી તારીખ સુધીમાં કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય કોઇપણ પ્રકારનો ખર્ચ, વેરો કે ટેક્ષ સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી ચુકવવાપાત્ર રહેશે નહી. આ માટે મુદ્દા નં. ૩૯, ૪૦ અને ૪૧ની વિગતોનું પેઢીએ અચુક પાલન કરવાનું રહેશે. અન્યથા ચુકવણાના વિલંબ માટે યુનિવર્સિટીની જવાબદારે રહેશે નહી.

૪. ખાસ સંજોગોમાં જેવા કે હડતાલ, ભાગફોડ, બખેડો વગેરે દરમ્યાન ખાસ બંદોબસ્તની જરૂરીયાત પ્રમાણે વધારાના ગાર્ડની સેવા લેવાની જણાય તો સરદાર પટેલ યુનિવર્સિટીની લેખિત પૂર્વ પરવાનગી મેળવવાની જરૂરી રહેશે અને આ અંગેની વધારાની સેવા માટે ગાર્ડ દીઠ મંજૂર થયેલ દરથી વધારાનું ચુકવણું કરવામાં આવશે.

૫. કોન્ટ્રાક્ટરે સરદાર પટેલ યુનિવર્સિટીના તાબામાં આવેલ બીડાણમાં દર્શાવેલ સંપત્તિના રક્ષણ માટે ગાર્ડની ફાળવણી કરવાની રહેશે.

૬. સિક્યુરીટી સેવાને લગતી બાબતમાં યુનિવર્સિટી તરફથી કુલસચિવ જે સલાહ-સુચન કરે અથવા નિર્દેશ આપે તેનું યુનિવર્સિટીના હિતમાં કોન્ટ્રાક્ટરે પાલન કરવાનું રહેશે.

૭. કોન્ટ્રાક્ટરે સિક્યુરીટી માટે નીમેલ ગાર્ડ યુનિવર્સિટીના કર્મચારી ગણાશે નહીં અને તેમને યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા નિયમાનુસાર પગાર, ભથ્થા, હક્ક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહી.

૮. કોન્ટ્રાક્ટરે નીમેલ ગાર્ડ, યુનિવર્સિટીને બિનકાર્યક્ષમ કે બિનઅસરકારક જણાશે તો કોન્ટ્રાક્ટરે આવા બિનકાર્યક્ષમ ગાર્ડની જગ્યાએ તાત્કાલિક યોગ્ય અન્ય ગાર્ડ નીમવાના રહેશે.

૯. સિક્યુરીટી સેવા દરમ્યાન યુનિવર્સિટીની મિલ્કતને નુકશાન થશે તો નુકશાનની રકમ કોન્ટ્રાક્ટરે ભરપાઇ કરવાની રહેશે અથવા તે કોન્ટ્રાક્ટરના માસિક બીલમાંથી કાપી લેવાની આવશે.

૧૦. યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કત કે માલ સામાનને નુકશાન થાય કે ચોરી થાય તે ચોપડે દર્શાવેલ કિંમત ધ્યાને ન લેતાં વર્તમાન બજાર કિંમત મુજબની રકમ ગણતરીમાં લેવામાં આવશે અને તે કિંમત કોન્ટ્રાક્ટરે ભરપાઇ કરવાની રહેશે અથવા માસિક બીલમાંથી કાપી લેવામાં આવશે.

૧૧. પ્રવર્તમાન સરકારે ધારા-ધોરણ મુજબ કામે રાખેલ ગાર્ડનું હાજરી પત્રક, પગારપત્રક, ઉપરાંત તેઓના કાયમી અને વર્તમાન સરનામાનો તમામ રેકોર્ડ કોન્ટ્રાક્ટરે રાખવાનો રહેશે અને માંગણી મુજબ યુનિવર્સિટીને આપવાનો રહેશે.

૧૨. કોન્ટ્રાક્ટરે વર્તમાન અને ભવિષ્યમાં લાગુ પડતા તમામ સરકારી કાયદાઓ જેવા કે લઘુત્તમ વેતનધારો, પગાર ચુકવણીધારો, બોનસધારો, ગ્રેજ્યુઇટીધારો, પ્રોવીડન્ટ ફંડ એક્ટ, સિક્યુરીટી ગાર્ડ વળતરધારો વગેરેનું પાલન કરવાનું રહેશે અને આ અંગેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

૧૩. કોન્ટ્રાક્ટર તરફથી ૧૮ વર્ષથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી વયના સિક્યુરીટી ગાર્ડને કામે રાખવાના રહેશે અને નીમવામાં આવેલ કર્મચારીઓને ઓળખપત્ર આપવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

૧૪. કોન્ટ્રાક્ટરે તેના કામે રાખેલ સ્ટાફની વર્તણુંક ચાલ-ચલનની ચકાસણી કરવાની રહેશે. ગુનાહિત કૃત્ય કરેલ દિવાની કે ફોજદારી કેસ થયેલ કે ઝગડો, ફસાદ કરનાર વ્યક્તિને કામે રાખી શકાશે નહી અને તેમની વચ્ચે અંદરો-અંદરના કાનુની વિવાદ માટે યુનિવર્સિટીની કોઇપણ જવાબદારી રહેશે નહી.

૧૫. કરારના સમયગાળા દરમ્યાન કોન્ટ્રાક્ટરની બિનકાર્યક્ષમતા અથવા બેદરકારી જણાશે તો સરદાર પટેલ યુનિવર્સિટી એક માસની નોટીસ આપી અથવા એક માસના બીલની ચુકવણી કરી કરારનો અંત લાવી શકશે અને આ અંગેનો કોઇ કાયદાદીય દાવો કોન્ટ્રાક્ટર તરફથી થઇ શકશે નહી.

૧૬. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સંચાલિત અનુસ્નાતક વિભાગો, વહીવટી વિભાગો ઇત્યાદીમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ સાથે કોન્ટ્રાક્ટરે અગર તેમના કર્મચારીઓએ કોઇપણ જાતનો દંગો, ફસાદ કે ઝગડો કરવો નહી.

૧૭. કોન્ટ્રાક્ટરે યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક વિભાગો, હોસ્ટેલો તથા સ્ટાફ ક્વાટર્સ જેવા તમામ મકાનોમાં બિનઅધિકૃત વ્યક્તિને પ્રવેશ કરવા દેવો નહી અને તેઓ થકી થતી કનડગત સામે જે તે વ્યક્તિને તેનાથી રક્ષણ આપવાનું રહેશે.

૧૮. લેડીઝ હોસ્ટેલમાં શિસ્ત જળવાય અને વિદ્યાર્થીનીઓને કનડગત ના થાય તે માટે નિયત મુલાકાતી સમય સિવાય કોઇપણ પ્રકારના મુલાકાતીઓને કુલસચિવશ્રીની પૂર્વ પરવાનગી સિવાય પ્રવેશ કરવા દેવામાં ના આવે તે જોવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

૧૯. સરદાર પટેલ યુનિવર્સિટીની મિલક્તોના રક્ષણ માટે યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ સિક્યુરીટી ગાર્ડની નિમણુંક કરી ચોવીસ કલાક માટે ત્રણ પાળી ચલાવવાની રહેશે.

૨૦. કોન્ટ્રાક્ટરે તમામ પ્રકારનો પત્ર વ્યવહાર યુનિવર્સિટીના કુલસચિવને હોદ્દાગત અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં કરવાનો રહેશે.

૨૧. કોન્ટ્રાક્ટરે ચુકવવાપાત્ર થતી વાર્ષિક રકમના ૫% લેખે સિક્યોરીટી ડીપોઝીટની રકમ કરારની તારીખથી દિન-૩૦માં યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે અને જો કોઇ નુકશાની કે ચોરીની કોઇ રકમની વસુલાત થાય તો તે રકમ સદરહુ ડીપોઝીટમાંથી કપાત કરવાઅનો હક્ક યુનિવર્સિટીનો રહેશે. સદર રકમ પર કોઇપણ વ્યાજ યુનિવર્સિટી દ્વારા ચુકવવામાં આવશે નહી.

૨૨. કરારની મુદત પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી ઇજનેરશ્રીના પ્રમાણપત્રને આધારે સદર ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

૨૩. કોન્ટ્રાક્ટરે નીમેલ સિક્યુરીટી ગાર્ડને સિક્યુરીટીના કામ માટે લાઠી, બેટરી પાવર સાથે વ્હીસલ, યુનિફોર્મ રેઇનકોટ, બુટ વગેરે આપવાના રહેશે. યુનિવર્સિટી તરફથી આ અંગે કોઇ ખર્ચ આપવામાં આવશે નહી.

૨૪. સિક્યુરીટીના કામ માટે યુનિવર્સિટી તરફથી કોઇ રકમ એડવાન્સ પેટે ચુકવવામાં આવશે નહી.

૨૫. કોન્ટ્રાક્ટર તરફથી નીમવામાં આવેલ સિક્યુરીટી ગાર્ડના નામ, સરનામાની યાદી કોન્ટ્રાક્ટરે યુનિવર્સિટી ઇજનેરશ્રીને આપવાની રહેશે અને તેમનો વીમો લેવાનો તેમજ પ્રીમીયમ ભરવાની વગેરે જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

૨૬. તારીખ: ૦૧/૦૪/૨૦૧૨ થી તારીખ: ૩૧/૦૩/૨૦૧૩ (૧૨ મહિના) સુધીના સમયગાળા દરમ્યાનના કરાર માટે યુનિવર્સિટી દ્વારા સમયાંતરે મુલ્યાંકન કરવામાં આવશે.

૨૭. કરારની શરતોના ચુસ્તપણે પાલન માટે યુનિવર્સિટીએ નીમેલ સમિતિ દ્વારા દેખરેખ રાખવામાં આવશે. કોન્ટ્રાક્ટરે આ માટે જરૂરી તમામ પ્રકારનો સહયોગ સમિતિને સમયસર આપવાનો રહેશે અને સમિતિ તરફથી આપવામાં આવતા વખતો-વખતના સુચનોનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૨૮. યુનિવર્સિટી વિસ્તારમાં સિક્યુરીટી ગાર્ડની ગોઠવણ યુનિવર્સિટી કુલસચિવશ્રી અથવા કુલપતિશ્રીના આદેશ અનુસાર જ કરવાની રહેશે.

૨૯. આ કરારની મુદત તારીખ: ૦૧/૦૪/૨૦૧૨ થી તારીખ ૩૧/૩/૨૦૧૩ (૧૨ મહિના) સુધીની રહેશે અને મુદત પૂર્ણ થયેથી કરારનો અંત આવેલો ગણાશે.

૩૦. કરારની શરતો બાબતે ઉપસ્થિત થતા કોઇપણ વિવાદ માટે કોર્ટની હુકુમત આણંદ કોર્ટની રહેશે.

૩૧. ટેન્ડર સાથે <u>રૂ! ૧૮,૦૦૦/-</u> અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઇ.એમ.ડી) રોકડેથી અથવા કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦ નામનો ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે. <u>આ અંગે કોઇ વ્યાજ યુનિવર્સિટી તરફથી ચુકવવામાં આવશે નહી.</u>

૩૨. યુનિવર્સિટીમાં સિક્યુરીટીની વ્યવસ્થા માટે સિક્યુરીટી ગાર્ડ માટેના ધોરણો સાથે જોડેલ બિડાણ-અ મુજબ રહેશે.

૩૩. કામગીરી અંતર્ગત સુપરવિઝન, મેનેજમેન્ટ, શિસ્તનું સંચાલન વગેરેની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે યુનિવર્સિટી તરફથી અલાયદુ કોઇપણ જાતનું ચુકવણું કરવામાં આવશે નહી.

૩૪. એજન્સીએ કામે રાખેલા ગાર્ડના ફોટોગ્રાફ્સ યુનિવર્સિટીને આપવાના રહેશે.

૩૫. પ્રત્યેક સિક્યુરીટી ગાર્ડ ઓછામાં ઓછા ૩ મહિના માટે નોકરીએ રાખવાના રહેશે.

૩૬. બિડાણ-બ માં દર્શાવેલ કેમ્પસ A, B, C ના ભવનો, જમીનો માટે અંદાજીત ૪૮ સિક્યોરીટી ગાર્ડની જરૂરિયાત રહેશે. તદનુસાર પેઢીએ ૨૪ કલાક માટે સિક્યુરીટી સેવાઓ પૂરી પાડવાની રહેશે.

૩૭. પસંદગી પામેલ એજન્સીને યુનિવર્સિટી દ્વારા બિડાણ-બ માં દર્શાવેલ ભવનો, જમીનોની સુરક્ષા માટે જરૂરિયાત મુજબ એક અથવા એક કરતાં વધુ ભવનો-મિલકતો સામેલ હોય તે મુજબ લીસ્ટ

બનાવી આપવામાં આવશે. તદનુસાર એજન્સીએ યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ અલગ-અલગ પાળીમાં સિક્યુરીટી ગાર્ડની ફાળવણી કરવાની રહેશે. આમ, યુનિવર્સિટી દ્વારા સુચવેલ સિક્યુરીટી ગાર્ડની કુલ સંખ્યા મુજબ એજન્સીને માસિક બીલની ચુકવણી કરવાની રહેશે.

૩૮. યુનિવર્સિટીને સિક્યુરીટી ગાર્ડ ફાળવણીમાં વધારો-ઘટાડો કરવામાં હક્ક અબાધિત રહેશે. તદનુસાર એજન્સીએ માસિક બિલમાં ફેરફાર કરવાનો રહેશે.

૩૯. કોન્ટ્રાક્ટરે સંબંધિત વિભાગના વડાશ્રીનું સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર દરેક માસના બિલ સાથે અચુક આપવાનુ રહેશે અન્યથા જે તે વિભાગના બીલનું ચુકવણું કરવામાં આવશે નહી.

૪૦. ઉપરોક્ત કામગીરી ઉપરાંત સોંપનાર કામગીરીના વર્ક ઓર્ડરની નકલ પણ બીલ સાથે જોડવાની રહેશે (જેમ કે, પ્રેસ ડ્યુટી, કોન્વોકેશન ડ્યુટી વગેરે).

૪૧. જે તે મહિનામાં ગાર્ડની અનિયમિતતા, ચોરીના કિસ્સામાં જે તે વિભાગનો માસની આખરમાં મળનાર રીપોર્ટને આધારે કચેરી પદ્ધતિને અનુસરી એસ્ટેટ વિભાગ દ્વારા ગાર્ડની ગેરહાજરી મુજબ (ની રકમ) વસુલાઅતની, ચોરીની રકમ વસુલાત વગેરેની વહીવટી મંજુરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરાશે તદનુસાર આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ બીલનું ચુકવણુ કરવામાં આવશે તીની ખાસ નોંધ લેવી.

૪૨. બિડાણ-બ માં દર્શાવેલ યુનિવર્સિટીની તમામ માલ-મિલ્કતો તથા જમીનની સાચવણી કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે અને બિડાણમાં દર્શાવેલ જમીનમાં કોઇ અનઅધિકૃત દબાણ્ નથી તે મુજબનો લેખિત રીપોર્ટ દર અઠવાડિયે એસ્ટેટ વિભાગને આપવાનો રહેશે. જે અંગે કોઇ અલાયદુ ચુકવણું કરવામાં આવશે નહી. ટેન્ડરની રકમમાં જ ઉપરોક્ત કામગીરીનો સમાવેશ થયેલો ગણાશે, જેની ભાવ ભરનાર પેઢીએ ખાસ નોંધ લેવી.

૪૩. પેઢીના ભાવ ટેન્ડર ખુલ્યા બાદ ૯૦ દિવસ માટે માન્ય ગણવામાં આવશે.

૪૪. <u>જે પેઢીનું ભાવ પત્રક મંજુર થાય તે પેઢીએ રૂ! ૧૦૦/- ના સ્ટેમ્પ પર ટેન્ડરની તમામ શરતો માન્ય છે અને તે મુજબ તેઓ કામગીરી કરશે તેનું કરારખત કરવાનું રહેશે.</u>

ઉપરોક્ત ૧ થી ૪૪ મુદ્દાઓ અમો બરાબર વાંચીને સમજેલ છે અને તે મુજબ અમો કામગીરી કરવા સંમત છીએ.

યુનિ. ઇજનેર

કોન્ટ્રાક્ટરની સહી અને સિક્કો

સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

## સિક્યોરીટી પોઇન્ટસની ફાળવણી પત્રક

| અ. નં. | સ્થળ | પાળી-૧ સમય સવારના ૦૮:૦૦ થી સાંજના ૦૪:૦૦ | પાળી-૨ સમય સાંજના ૦૪:૦૦ થી રાત્રીના ૧૨:૦૦ | પાળી-૩ સમય રાત્રે ૧૨:૦૦ થી સવારના ૦૮:૦૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | યુનિવર્સિટી કાર્યાલય, જુનું બાયો સાયન્સ વિભાગ, ફાર્માસ્યુટીકલ સાયન્સ, MSW વિભાગ, બીઝનેસ સ્ટડીઝ, મેથેમેટીક્સ, સ્ટેટેસ્ટીક, પરીક્ષા ભવન | ૧ | ૧ | ૧ | ૩ |
| ૨ | મટીરીયલ્સ સાયન્સીસ, કેમેસ્ટ્રી, ઇલેક્ટ્રોનીક્સ, કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, (સ્ટેશન-કેમેસ્ટ્રી) | ૧ | ૧ | ૧ | ૩ |
| ૩ | હ્યુમેનીટીઝ, ફીઝીક્સ, યુસીક, હિન્દી વિભાગ, એમ.બી.પી.સી., મ્યુઝિયમ હેલ્થ સેન્ટર (સ્ટેશન-હ્યુમેનીટીઝ) | ૧ | ૧ | ૧ | ૩ |
| ૪ | લાયબ્રેરી, હોમસાયન્સ, યુનિવર્સિટી પ્રેસ, (સ્ટેશન-ભાઇકાકા લાયબ્રેરી) | ૧ | ૧ | ૧ | ૩ |
| ૫ | લેડીઝ હોસ્ટેલ, ગેસ્ટ હાઉસ સંકુલ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૬ | કોમ્પ્યુટર સાયન્સીસ એન્ડ ટેક્નોલોજી તથા યુનિવર્સિટી સર્વે નં. ૨૦૮૯/૨૦૯૦ની જમીન સાચવણી | ૧ | ૧ | ૧ | ૩ |
| ૭ | બાયો સાયન્સીસ વિભાગ-બાકરોલ કેમ્પસ, સ્પોર્ટ્સ ઓફીસ વિ. સહીત સમગ્ર વિસ્તાર | ૧ | ૧ | ૨ | ૪ |
| ૮ | નહેરૂ હોલ (નોંધ. નં. ૧ નો અભ્યાસ કરવો) | ૧ | ૧ | ૧ | ૩ |
| ૯ | એમ.બી.એ.એન.આર.આઇ. બોયઝ હોસ્ટેલ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૦ | બી.એસ.સી.બી.એડ. હોસ્ટેલ | - | ૧ | - | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | ઓલ્ડ હોસ્ટેલ (નલીની કોલેજ સામે) | ૧ | ૧ | ૧ | 3 |
| ૧૨ | એમ.બી.એ. વિભાગ (નોંધ. નં. ૨ અભ્યાસ કરવો.) | ૧ | ૧ | ૧ | 3 |
| ૧૩ | સીટીઇ હોસ્ટેલ | - | ૧ | - | ૧ |
| ૧૪ | ઇકોનોમિક્સ વિભાગ | - | ૧ | ૧ | ૨ |
| ૧૫ | વી.સી. બંગલો | ૧ | - | ૧ | ૨ |
| ૧૬ | યુનિ. મ્યુઝિયમ | - | ૧ | ૧ | ૨ |
| ૧૭ | એકલવ્ય હોસ્ટેલ | ૧ | ૧ | ૧ | 3 |
| ૧૮ | પરીક્ષાભવન | ૧ | ૧ | ૧ | 3 |
| | કુલ પોઇન્ટસ | ૧૪ | ૧૭ | ૧૭ | ૪૮ |

નોંધ:

ઉપરોક્ત કામગીરી અંતર્ગત જરૂરિયાત મુજબ સિક્યુરીટી ગાર્ડનો વધારો-ઘટાડો કરવાનો હક્ક યુનિવર્સિટીને અબાધિત રહેશે. તદઉપરાંત માસિક બીલમાં વધારો-ઘટાડો કરવાનો રહેશે.

(૧) નહેરૂ હોલ અને એન.આર.આઇ. હોસ્ટેલ ખાતે રાતની પાળી (૧૨:૦૦ થી ૦૮:૦૦) નો ગાર્ડ સ્ટેશન નહેરૂ હોલ કરશે. સાથે-સાથે કોલોનીના અડધા વિભાગની સુરક્ષા માટે રાઉન્ડ લેશે. (C,B,D-1 to 80 CTE, B.Sc. B.Ed., SSF, T-1 to 24)

(૨) એમ.બી.એ. વિભાગ ખાતેનો વોચમેન રાતના ૧૨:૦૦ થી ૦૮:૦૦ સ્ટેશન એમ.બી.એ. વિભાગ આગળ કરશે સાથે-સાથે કોલોનીના અડધા વિભાગની સુરક્ષા માટે રાઉન્ડ લેશે. (G-1 to 24, G-39 to 63, J, T-25 To 72 D-81 TO 102, I, H, A)

ઉપરોક્ત વિગતો ઉપરાંત નોંધના મુદ્દા નં. ૧. અને ૨ મુજબ કામગીરી હાથ ધરવા અમો સંમત છીઇ. નોંધના મુદ્દા નં. ૧ અને ૨ અંગે વધારાનું કોઇ મહેનતાણું અમોને ચુકવવામાં આવશે નહી. ટેન્ડર રકમમાં ઉપરોક્ત કામગીરીનો સમાવેશ થયેલ ગણાશે તે અમોને મંજુર છે.

યુનિ. ઇજનેર　　　　　　　　　　કોન્ટ્રાક્ટરની સહી અને સિક્કો

બિડાણ: અ

<u>સરદાર પટેલ યુનિવર્સિટીમાં સિક્યુરીટી વ્યવસ્થામાં સિક્યુરીટી ગાર્ડ બાબતના ધોરણો:</u>

૧. સિક્યુરીટી ગાર્ડ તથા ગનમેનની ઉંચાઇ ૧.૬૩ મીટર (૫’-૫”), છાતી: ૦.૭૫ થી ૦.૮૦ મીટર (૩૦”-૩૨”) વજન ૫૦ કિ.ગ્રા.(૧૧૦ રતલ) શરીરે સંપૂર્ણ તંદુરસ્ત, મુજબત બાંધાના સશક્ત તથા સારી દ્રષ્ટિ ધરાવતા અને ચપળ હોવા જોઇએ.

૨. સિક્યુરીટી ગાર્ડ તથા ગનમેન ઓછામાં ઓછા ધોરણ: ૮ પાસ હોવા જોઇએ, ગુજરાતી તથા હિન્દી ભાષા વાંચી-લખી શકે તેવા હોવા જોઇએ.

૩. સિક્યુરીટી ગાર્ડ સારી ચાલ-ચલગત, શિસ્ત પાલનવાળા, સારા ચારિત્રયવાળા અને વિવેકી હોવા જોઇએ.

૪. એક્સ-સર્વિસમેન અને પેરામિલેટરી ફોર્સમાં સેવા બજાવેલ હોય તેમને પ્રથમ પસંદગી આપવી.

૫. જરૂર પડે શારિરીક ધોરણ માટે યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના તબીબી અધિકારીનું ફિટનેસ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.

૬. સિક્યુરીટી ગાર્ડ તથા ગનમેન પૂર્ણ તાલીમ પામેલ, પોતાના કાર્યક્ષેત્રનું કૌશલ્ય ધરાવતા તથા આકસ્મિક પરિસ્થિતિઓ જેવી કે આગ, હુમલો કે કુદરતી હોનારત વખતે ત્વરાથી બચાવ કામગીરી કરી શકે તે જરૂરી છે.

કોન્ટ્રાક્ટરની સહી અને સિક્કો

# SARDAR PATEL UNIVERSITY
# UNIVERSITY CAMPUS
# AREA-A

1 Department of Chemistry
2 Gordhanbhai Haathibhai Patel Computer Science
3 Pramukhseami Electronics Department
4 Main office Building with Pariksha Bhavan Building
5 Department of Material Science
6 V. C.'s Bunglow
7 Community Science Centre (Old Registrar Bunglow)
8 Department of Physics
9 M. B. Patel College of Education
10 University Ladies Hostel
11 University Guest House (New VIP, Old VIP)
12 Visitor's Hostel
13 University Museum
14 University Health Centre
15 G. H. Patel Computer Centre
16 Department of Humanities & Social Science
17 Bhasha Bhavan (Hindi Department)
18 Bhaikakah Library
19 Department of Business Studies/Maths/Statistics
20 Department of Bio-sciences (Bakrol Campus)
21 Animal House (Bakrol Campus)
22 University Press
23 J.K. Patel Home Science Bhavan & Animal House for Home Science, Nr. Press)
24 University Science & Instrumentation Centre
25 Old Men's Hostel No.1 (Opp. Nalini Arts College)
26 Students Centre (Apna Bazar), New Shastri Maidan
27 Department of Economics (Opp. Nandalaya Haveli)
28 Old Bio-Science Building
29 Academic Staff College

AREA-B

| | | |
|---|---|---|
| 1 | A - Type Quarters | 12 |
| 2 | B – Type Quarters | 08 |
| 3 | C – Type Quarters | 16 |
| 4 | D – Type Quarters | 102 |
| 5 | E – Type Quarters | 10 |
| 6 | F - Type Quarters | 24 |
| 7 | G - Type Quarters | 63 |
| 8 | H- Type Quarters | 12 |
| 9 | I - Type Quarters | 16 |
| 10 | J - Type Quarters | 08 |
| 11 | T - Type Quarters | 72 |
| 12 | Men's Hostel NO.:2 (Nehru Hall) | |
| 13 | B.Sc. B.Ed. Hostel | |
| 14 | Teacher's Training Hostel (CTE Hostel) | |
| 15 | Single Seated Flat Type Quarters for Research Students (S.S.F. Hostel) | |
| 16 | Strudents Home (Balvadi) | |
| 17 | M.B.A. Building | |
| 18 | M.B.A. N.R.I. Hostel | |
| 19 | R.S. No. 743/35 (Nr. Central School, Old Tabela) | |

**UNIVERSITY CAMPUS**
**AREA-C**

1 R. Survey No. 2089/2090 (Central Shool Quarters Area) B/h. Computer Science Department

2 R. Survey No. 1509 (Nr. Maheswari Palace)

Total Campus Area-87 Acres Which Consists of main campus area and 3 satellite area in Bakrol Campus, University Colony, Computer Science Department area.

બિડાણ-બ મુજબ યુનિવર્સિટીની ઉપરોક્ત તમામ ભવનો અને જમીનની સાચવણી કરવા અમો સંમત છીએ. આ અંગે ટેન્ડર રકમ મુજબ જ ચુકવણું કરવામાં આવશે અને વધારાનું કોઇ ચુકવણું કરવાનું રહેશે નહીં તે અમોને મંજુર છે.

________________________

Contractor's Sign & Stamp